**<u>અસ્વીકરણ</u>:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER</u>:** The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==========================================================

**ગુજરાત વડી અદાલતમાં અમદાવાદ ખાતે**

**લેટર્સ પેટન્ટ અપીલ નં. ૧૮૫/૨૦૧૩**
**ઈન**
**સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૨૧૮૨૪/૨૦૦૬**

**મંજૂરી અને હસ્તાક્ષર માટે:**

**માનનીય ન્યાયમૂર્તિ શ્રી રવિ આર. ત્રિપાઠી**
**અને**
**માનનીય ન્યાયમૂર્તિ શ્રી આર.ડી. કોઠારી**

==========================================================

૧ શું સ્થાનિક સમાચારપત્રોના પત્રકારોને ચુકાદો જોવા માટે મંજૂરી આપવામાં આવી શકે? હા
૨ રિપોર્ટરને મોકલવું કે નહીં ? હા
૩ શું તેમના ન્યાયમૂર્તિઓ ચુકાદાની આખરી નકલ જોવા ઇચ્છે છે ?
૪ શું આ કેસમાં ભારતના સંવિધાન, ૧૯૫૦ના અર્થઘટન સંબંધે અથવા તે હેઠળ કરવામાં આવેલ કોઈ આદેશ સંબંધે કાયદાનો કોઈ મહત્ત્વનો પ્રશ્ન સામેલ છે? ના
૫ શું તેને સિવિલ જજને પરિપત્રિત કરવાનું છે ? ના

==========================================================

દક્ષિણ ગુજરાત વિજ કંપની લિ. મેનેજિંગ ડિરેક્ટર મારફતે....અપીલકર્તા(ઓ)
વિરુદ્ધ
અમરદીપ એસોસિએશન, નવસારી, તથા ૨....સામાવાળા(ઓ)

==========================================================

ઉપસ્થિતિ:
શ્રી શાલિન મહેતા, વરિષ્ઠ વકીલ સાથે શ્રીમતી લિલુ કે. ભાયા, વકીલ
અપીલકર્તા(ઓ) નં. ૧ માટે
શ્રી એસ.આઈ. નાણાવટી, વરિષ્ઠ વકીલ સાથે શ્રીમતી સંગીતા એન. પહવા,
વકીલ સામાવાળા(ઓ) નં. ૧ માટે
શ્રી રશેષ રિંદાણી, સહાયક સરકારી વકીલ સામાવાળા(ઓ) નં. ૨ – ૩ માટે
==================================================

કોરમ: **માનનીય ન્યાયમૂર્તિ શ્રી રવિ આર. ત્રિપાઠી**
**અને**
**માનનીય ન્યાયમૂર્તિ શ્રી આર.ડી. કોઠારી**

**તારીખ :૨૧/૧૧/૨૦૧૪**

**મૌખિક ચુકાદો**
**(માનનીય ન્યાયમૂર્તિ શ્રી આર.ડી. કોઠારી દ્વારા)**

૧. વર્તમાન કેસમાં, બી.આઈ.એફ.આર. દ્વારા ઘડવામાં આવેલી યોજના બીમાર એકમને પુનર્જીવિત કરવામાં નિષ્ફળ ગઈ હતી અને તે જણાવેલ એકમના ઋણદાતાઓને સંતોષવામાં પણ નિષ્ફળ ગઈ હતી. અપીલકર્તા ઋણદાતાઓમાંથી એક છે. યોજનાની લાગુ પડતાશ અંગેના સૂક્ષ્મ પ્રશ્નો – કુદરતી ન્યાયની અનુકૂળ દલીલના આધાર પર – તથા કાયદાની વૈધાનિક વ્યાખ્યાના સિદ્ધાંત સંબંધિત સામાન્ય પ્રશ્નો, આ સમસ્યાનો ઉકેલ લાવતા નથી. અપીલકર્તાની લેવાતી રકમ ઘણા વર્ષોથી અટવાયેલી છે અને સામાવાળા – જણાવેલ એકમનો હરાજી ખરીદનાર અન્ય બાબતો ઉપરાંત વિજળી જોડાણ માટે પ્રાર્થના કરી રહ્યો છે. રેકોર્ડનું અવલોકન કરતાં એવો છાપ પડે છે કે અદાલત સમક્ષ ઉગ્ર રીતે ચર્ચાયેલા મુદ્દાઓ પક્ષકારોની મુશ્કેલીઓ માત્ર આંશિક રીતે જ ઓછી કરે છે. ઉકેલ ક્યાં હતો? તેનો જવાબ શોધવાનું પક્ષકારો પર છોડી, પક્ષકારોના વિદ્વાન વકીલોએ રજૂ કરેલ મામલાનો વિચાર કરવામાં આવે છે.

૨. હકીકતો આ મુજબ છે;

નવસારી કોટન એન્ડ સિલ્ક મિલ્સ લિ. (સંક્ષેપમાં "એનસીએસએમએલ") ની સ્થાપના ૧૯૩૬ માં કરવામાં આવી હતી. એવું જણાય છે કે તેને ૧૯૫૫ માં સામાવાળા દ્વારા એચટી વિદ્યુત જોડાણ આપવામાં આવ્યું હતું, જે તે સમયે જીઈબી તરીકે ઓળખાતું હતું. તેના સુવર્ણકાળ દરમિયાન તે દરરોજ ૫૦,૦૦૦ મીટર (યાર્ન) ઉત્પાદન કરતી હતી. મિલમાં આશરે ૨૦૦૦ કામદારો કામ કરતાં હતા. અનુમાનપાત્ર રીતે, તે 'બીમાર' बनी ત્યાં સુધી તેનું કામકાજ સામાન્ય હતું. તે ૧૯૮૯ માં બીમાર बनी. ૧૯૯૦ માં બીઆઈએફઆર સમક્ષ સંદર્ભ મોકલવામાં આવ્યો. ૧૯૯૧ માં પુનર્વસન યોજના મંજૂર કરવામાં આવી. આઈડિબીઆઈને ઓપરેટિંગ એજન્સી (ઓએ) તરીકે નિયુક્ત કરવામાં આવી. યોજના માર્ચ, ૧૯૯૨ સુધી પૂર્ણ કરવાની હતી. ૪ વર્ષ પછી પણ તે પૂર્ણ થઈ શકી નહોતી. કંપનીની 'આર્થિક સ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ'. આ દરમિયાન, કંપનીએ જુલાઈ, ૧૯૯૪ માં પોતાનું કામકાજ પણ બંધ કરી દીધું. ઓક્ટોબર, ૧૯૯૪ મહિનામાં યોજાયેલી તેની બેઠકમાં બીઆઈએફઆરે નોંધ્યું કે મંજૂર કરાયેલી પુનર્વસન યોજના નિષ્ફળ ગઈ છે. પ્રમોટરો એકમને પુનર્જીવિત કરવા માટે વધારાનો નાણાંકીય ફાળો લાવી શકતા ન હોવાથી, તેણે આઈડિબીઆઈ/ઓએને ટેકઓવર / વિલીનીકરણ / ઓટીએસ માટે જાહેરાત આપવા નિર્દેશ કર્યો. આ બાબતની જાહેરાત ડિસેમ્બર, ૧૯૯૪ માં પ્રસિદ્ધ કરવામાં આવી, પરંતુ કોઈ વ્યવહારુ પ્રસ્તાવ આગળ આવ્યો નહીં. ૧૫.૬.૧૯૯૫ ના રોજ યોજાયેલી પોતાની બેઠકમાં બીઆઈએફઆરે પ્રાથમિક દૃષ્ટિએ એવો અભિપ્રાય બનાવ્યો કે કંપનીનું સમાપન કરવું આવશ્યક છે. આ તબક્કે, મિલના કામદારોએ પહેલ કરી અને તેઓ દૃશ્યપટ પર આવ્યા. તેમણે 'ધ મોરારજી દેસાઈ ટેક્સટાઈલ લેબર કો-ઓપરેટિવ ઇન્ડસ્ટ્રીઝ લિ.' (સંક્ષેપમાં 'એમડિટીએલસીઆઈએલ') નામની સહકારી સંસ્થા રચી. તેમણે પુનર્વસનનો પ્રસ્તાવ રજૂ કર્યો. ૧૫.૩.૧૯૯૬ ના રોજ યોજાયેલી પોતાની બેઠકમાં બીઆઈએફઆરે ઓએને કામદારોની સહકારી સંસ્થા દ્વારા રજૂ કરાયેલ પ્રસ્તાવ પર વિચાર કરવા નિર્દેશ કર્યો. કેટલાક ફેરફારો સાથેની પુનર્વસન યોજના

બીઆઈએફઆરે ૧૪.૧૦.૧૯૯૬ ના રોજ યોજાયેલી પોતાની બેઠકમાં મંજૂર કરી. યોજના હેઠળ ૧૪૦૦ કામદારોને છટણી કરવાના હતા અને ૬૦૦ કામદારોને જાળવી રાખવાના હતા. યોજના ૫.૧૨.૧૯૯૬ ના રોજ મંજૂર કરવામાં આવી. એવું જણાય છે કે એમડિટીએલસીઆઈએલે જાન્યુઆરી, ૧૯૯૭ માં કંપનીનું સંચાલન સંભાળ્યું અને મિલે એપ્રિલ, ૧૯૯૭ માં પોતાનું કામકાજ શરૂ કર્યું.

ફરીથી પુનર્વસન યોજનાનો પ્રારૂપ રજૂ કરવામાં આવ્યો. તે એમડિટીએલસીઆઈએલના અનુરોધથી કરવામાં આવ્યું હતું. એક મુખ્ય પ્રસ્તાવ મિલની જમીન વેચવાનો અને મિલના દેવાનો ચુકવવાનો હતો. બીઆઈએફઆરે વધારાની જમીનના નિકાલ માટે નિર્દેશ કર્યો. સંપત્તિ વેચાણ સમિતિની રચના કરવામાં આવી, જેમાં આઈડિબીઆઈ, અન્ય બેંકો, કલેક્ટર દ્વારા નિયુક્ત એક ઉપવિભાગીય આવક અધિકારી વગેરેના પ્રતિનિધિઓનો સમાવેશ થતો હતો. ખુલ્લી જમીનનો પ્રમાણમાં મોટો વિસ્તાર, એટલે કે ૧૧ લાખ ચોરસ ફૂટ, હરાજીમાં મૂકવામાં આવ્યો. મેસર્સ અમરદીપ એસોસિયેશન નવસારી (એએએન) – સામાવાળા નં. ૧ – એ રૂ. ૪૭/– પ્રતિ ચોરસ ફૂટના ભાવે બોલી મૂકી હતી. બેઠકમાં એએએને સત્તાધિકારીની વિનંતિ સ્વીકારી હતી અને જમીનની કિંમત રૂ. ૫૧/– પ્રતિ ચોરસ ફૂટ નક્કી કરવામાં આવી હતી. એએએને રૂ. ૫૬૧/– લાખમાં જમીન ખરીદી હતી. તે ૨૯.૫.૨૦૦૩ ના રોજ હતું.

એવું જણાય છે કે ૧.૧૨.૨૦૦૪ ના રોજ એએએને વિદ્યુત જોડાણ માટે અરજી કરી હતી. જીઈબી / ડીજીવીસીએલે મુખ્યત્વે આ આધાર પર ફરી જોડાણ આપ્યું નહોતું કે મિલનું વિજળીચાર્જનું બહુ મોટું બાકી દેવું છે. ૧૪.૫.૨૦૦૬ ના રોજ એએએને આ હેતુસર બીઆઈએફઆર સમક્ષ અરજ કરી. એવું જણાય છે કે બીઆઈએફઆરે સામાવાળા નં. ૧ને વિદ્યુત જોડાણ મુક્ત કરવા માટે નિર્દેશ કર્યો હતો. ત્યારબાદ, સામાવાળા નં. ૧એ વિદ્યુત જોડાણ અંગે યોગ્ય નિર્દેશ માટે

જીઈબી / ડીજીવીસીએલ સામે વિશેષ નાગરિક અરજી નં. ૨૧૮૨૪ ઓફ ૨૦૦૬ દાખલ કરી. તે ૧૧.૧૦.૨૦૦૬ ના રોજ દાખલ કરવામાં આવી હતી. ઉક્ત રિટ અરજી ૧૪.૬.૨૦૧૦ ના રોજ મંૂર કરવામાં આવી. વર્તમાન એલપીએ ઉક્ત રિટ અરજીમાંથી ઉદ્‌ભવે છે.

૩. અપીલકર્તા તરફથી માનનીય વરિષ્ઠ વકીલ શ્રી શાલિન મહેતા સાથે માનનીય વકીલ શ્રીમતી લિલુ કે. ભાચા, સામાવાળા ક્રમાંક ૧ તરફથી માનનીય વરિષ્ઠ વકીલ શ્રી એસ.આઈ. નાણાવટી સાથે માનનીય વકીલ શ્રીમતી સંગીતા પાહવા અને સામાવાળા ક્રમાંક ૨ અને ૩ તરફથી માનનીય એ.જી.પી. શ્રી આર.એ. રિન્દાણીને સાંભળ્યા.

૪. અપીલકર્તા તરફથી વરિષ્ઠ વિદ્બાન વકીલ શ્રી શાલિન મહેતાએ સુનાવણી વખતે આ દલીલ પર ભાર મૂક્યો હતો કે જીઈબી/ ડીજીવીસીએલ, બીઆઈએફઆર દ્બારા મંજૂર કરાયેલ યોજનાનો પક્ષકાર ન હતો. આવી સ્થિતિમાં, યોજનામાં કરાયેલ જોગવાઈના અનુસંધાને આપવામાં આવેલ દિશાનિર્દેશ જીઈબી / ડીજીવીસીએલ પર બંધનકારક નથી. શ્રી શાલિન મહેતાની બીજી મુખ્ય રજૂઆત સપ્લાયની શરતોની કલમ ૨(જે) પર આધારિત છે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે દલીલાર્થે એવું માન્ય રાખવામાં આવે કે યોજના જીઈબી / ડીજીવીસીએલ પર પણ બંધનકારક છે, તો પણ અપીલકર્તા કાયદા અનુસાર જ વિજળી પુરવઠો આપવા બાધ્ય છે. જે કાયદો પ્રવર્તમાન અને લાગુ પડે છે, તે સારરૂપે એવી જોગવાઈ કરે છે કે જ્યાં સુધી પરિસર સંબંધિત અગાઉના બાકી દેવા ચૂકવવામાં ન આવે, ત્યાં સુધી અનુગામી નવું જોડાણ માંગી શકતો નથી. સુનાવણી દરમિયાન દલીલનો મોટો ભાગ કલમ ૨(જે) ની આસપાસ કેન્દ્રિત રહ્યો હતો. વધુમાં, દક્ષિણ હરિયાણા બિજલી વિતરણ નિગમ લિ. વિ. પેરામાઉન્ટ પોલીમર્સ (પી) લિ., જેનો અહેવાલ (૨૦૦૬) ૧૩ એસસીસી ૧૦૧ માં પ્રકાશિત છે, તે કેસમાં સર્વોચ્ચ અદાલતના એક નિર્ણય

તરફ પણ ધ્યાન દોરવામાં આવ્યું હતું. અપીલકર્તા તરફથી વિદ્વાન વકીલે લેખિત રજૂઆતો પણ દાખલ કરી હતી.

૫. બીજી તરફ, સામાવાળા નં. ૧ તરફથી પ્રતિષ્ઠિત વરિષ્ઠ વકીલ શ્રી એસ.આઈ. નાણાવટીએ રજૂઆત કરી છે કે ખંડ ૨(જે) પર રાખવામાં આવેલો આધાર ભૂલભર્યો છે. રજૂ કરવામાં આવ્યું કે ખંડ ૨(જે) ને ૨૦૦૧માં વિદ્યુત અધિનિયમ, ૧૯૧૦ અને ૧૯૪૮નો સહારો લઈ અમલમાં લાવવામાં આવ્યો હતો. વધુમાં રજૂ કરવામાં આવ્યું કે વિદ્યુત અધિનિયમ, ૨૦૦૩ અમલમાં આવ્યા બાદ ઉપરોક્ત બન્ને અગાઉના અધિનિયમો રદ થયેલા છે. કોઈપણ સ્થિતિમાં, એવી રજૂઆત કરવામાં આવી કે એસ.આઈ.સી.એ.ની અધિપ્રભાવી જોગવાઈ અન્ય કાયદાઓ કરતાં પ્રાધાન્ય પામશે. વધુમાં એવી પણ રજૂઆત કરવામાં આવી કે કેસની પરિસ્થિતિઓમાં, રિટ ઉપચાર મંજૂર કરવો કે નામંજૂર કરવો તે બાબતમાં ન્યાયસંગતતા સંબંધિત વિચારણા રહેશે. આ સંદર્ભમાં, આ બાબત દર્શાવવામાં આવી કે જી.ઈ.બી. / ડી.જી.વી.સી.એલ.નું વર્તન એવું છે કે એવું કહી શકાય કે ન્યાયસંગતતા અપીલકર્તાના પક્ષમાં નથી. શ્રી એસ.આઈ. નાણાવટીએ નોંધ પર રહેલી સંબંધિત સામગ્રી તરફ પણ ધ્યાન દોર્યું છે. ટાટા મોટર્સ લિ. વિ. ફાર્માસ્યુટિકલ પ્રોડક્ટ્સ ઑફ ઈન્ડિયા લિ. અને અન્ય, અહેવાલિત (૨૦૦૮) ૭ એસ.સી.સી. ૬૧૯, ટોરન્ટ પાવર એ.ઈ.સી. લિ. વિ. શ્રીજી (રાખીયાલ) કમર્શિયલ કો–ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિ., અહેવાલિત (૨૦૦૬) ૩ જી.એલ.આર. ૧૯૪૭ તરફ પણ ધ્યાન દોરવામાં આવ્યું. સામાવાળા નં. ૧ દ્વારા લેખિત રજૂઆતો પણ કરવામાં આવી હતી.

૬. વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી શાલિન મહેતાએ, પ્રતિઉત્તરમાં, રજૂ કર્યું છે કે કેસની પરિસ્થિતિઓમાં જી.ઈ.બી./ડી.જી.વી.સી.એલ.ના વર્તન અંગે ટિપ્પણી કરવી અનાહૂત છે. જી.ઈ.બી./ડી.જી.વી.સી.એલ.ને અગાઉ આદેશ અથવા યોજનાને પડકારવાની તક હતી એવી રજૂઆત માત્ર એ સરળ કારણસર

વિચારણા માટે લેવાય તેવી નથી કે જી.ઈ.બી./ડી.જી.વી.સી.એલ. યોજના સાથે પક્ષકાર જ ન હતું. તે દર્શાવવામાં આવ્યું કે જી.ઈ.બી./ડી.જી.વી.સી.એલ.ની ચોક્કસ ફરિયાદ એ જ છે કે યોજનામાં ભાગ લેવા માટે તેને તક આપ્યા વિના તે યોજના જી.ઈ.બી./ડી.જી.વી.સી.એલ. પર લાગુ કરવામાં આવી છે. તેથી, અપીલકર્તાના વર્તન અંગેની ટિપ્પણી ગેરસમજ પર આધારિત છે. એવું રજૂ કરવામાં આવ્યું કે નોંધપાત્ર લાંબા વિલંબ બાદ એલ.પી.એ. દાખલ કરવામાં આવી હોવાની બાબત અદાલતે ધ્યાનમાં લેવી ન જોઈએ, કારણ કે તે વિલંબ અદાલત દ્વારા પહેલેથી જ માફ કરવામાં આવ્યો છે. વધુમાં એવું રજૂ કરવામાં આવ્યું કે એકવાર વીજળી અધિનિયમ, ૧૯૧૦ અને ૧૯૪૮ રદ થાય, ત્યારબાદ કલમ ૨(જે) પણ તેની સાથે જ સમાપ્ત થાય છે એવું કહેવું ભૂલપૂર્ણ છે. વીજળી અધિનિયમ, ૨૦૦૩ ની કલમો ૧૭૩, ૧૭૪ અને ૧૮૫ નો ઉલ્લેખ કરીને અને તેના પર આધાર રાખીને, એવો દ્દઢ નિશ્ચય વ્યક્ત કરવામાં આવ્યો કે વીજળી અધિનિયમને અધિમાન્ય અસર છે અને કલમ ૨(જે) યથાવત્ બચી રહે છે. સામાન્ય કલમો અધિનિયમની કલમ ૬ નો ઉલ્લેખ કરીને અને તેના પર આધાર રાખીને, એવી દલીલ કરવામાં આવી કે એકવાર ઉપજેલી જવાબદારી, હાલના કેસની પરિસ્થિતિઓમાં, ઉક્ત જોગવાઈ હેઠળ સુરક્ષિત રહેશે. સર્વોચ્ચ અદાલતના બેંક ઑફ ઈન્ડિયા વિ. કેતન પારેખ અને અન્ય, (૨૦૦૮) ૮ એસ.સી.સી. ૧૪૮ માં અહેવાલિત, કેસના નિર્ણય તરફ ધ્યાન દોરવામાં આવ્યું.

૭. પક્ષકારોના વિદ્વાન વકીલોની વિસ્તૃત રજૂઆતો નોંધ્યા પછી, વિદ્વાન એકલ ન્યાયાધીશે એવો નિષ્કર્ષ કર્યો કે પક્ષકારો વચ્ચેનો વિવાદ બે મુદ્દાઓની આસપાસ કેન્દ્રિત છે; (૧) (૧) સિકા ની જોગવાઈઓની લાગુપડતાપાત્રતા અને (૨) બીઆઈએફઆર દ્વારા આપવામાં આવેલા નિર્દેશનો પ્રભાવ અને (૨) સપ્લાય કોડની કલમ ૨(જે) ની લાગુપડતાપાત્રતા.

૮. ઉપરોક્ત મુદ્દાઓ અંગે વિદ્વાન એકલ ન્યાયાધીશે નોંધેલા નિષ્કર્ષો આ મુજબ છે; બી.આઈ.એફ.આર. દ્વારા યોજનાની રચના થવા તરફ દોરી ગયેલા તથ્યોનો સંક્ષિપ્ત ઉલ્લેખ કર્યા પછી, અદાલતે અંતિમ યોજના, એટલે કે ૫.૧૨.૧૯૯૬ના રોજ ઘડાયેલ યોજનાની મહત્વપૂર્ણ જોગવાઈઓનો ઉલ્લેખ કર્યો છે. ૫.૧૨.૧૯૯૬ના રોજ મંજૂર કરાયેલ યોજનાનો અદાલતે ઉલ્લેખ કર્યો. અદાલતે પરિચ્છેદ ૭(બી) તેમજ પરિચ્છેદ ૮ અને ૧૧નો પણ ઉલ્લેખ કર્યો. છેલ્લે ઉલ્લેખિત પરિચ્છેદ યોજનાને અગ્રતા આપતો પ્રભાવ આપે છે. અદાલતે એવો ઠરાવ કર્યો છે કે યોજના હેઠળ જી.ઈ.બી.ને અગાઉના માલિકોના બાકી દેવાના ચુકવણાં માટે આગ્રહ રાખ્યા વિના જોડાણ આપવા માટે દિશાનિર્દેશ કરવામાં આવ્યો છે. અદાલતે વધુમાં એવો પણ ઠરાવ કર્યો છે કે ‘આવા બાકી દાવાઓ’ અમલમાં મૂકવા યોગ્ય નથી અને બી.આઈ.એફ.આર. દ્વારા આપેલ દિશાનિર્દેશ જી.ઈ.બી. માટે બંધનકારક છે. અદાલતે આ હકીકતનો પણ ઉલ્લેખ કર્યો છે કે રાજ્યએ સંબંધિત યોજનાને પડકારવાનો પ્રયાસ નિષ્ફળ રીતે કર્યો હતો. તે પુનરોચ્ચાર કરે છે કે યોજના અંતિમ છે અને પક્ષકારો પર બંધનકારક છે.

૯. વિદ્વાન એકલ ન્યાયાધીશે એ પણ નોંધ્યું હતું કે તેમની સમક્ષના અરજદારે તે જમીન ખરીદી છે, જે બીઆઈએફઆર દ્વારા ઘડાયેલ પુનર્વસન યોજનાના અનુસંધાનમાં હરાજીમાં વેચવામાં આવી હતી. ઉક્ત બીઆઈએફઆર યોજના વીજળીના બાકી દાવાઓની ચુકવણીની પદ્ધતિ માટે જોગવાઈ કરે છે અને વીજ પુરવઠા કાપમાંથી મુક્તિ પણ આપે છે. એમડિટીએલસીઆઈએલ ચાલુ ઉદ્યોગ એકમ હોવાના તથ્યને ધ્યાનમાં લેતાં અને બીજી તરફ બીઆઈએફઆરની યોજનાનું અનુસરણ કરતાં, અરજદાર પાસેથી વસૂલાત કરી શકાતી નથી. જો પેરા ૭ ની સંબંધિત જોગવાઈઓને એકસાથે વાંચવામાં આવે, તો એવું જણાય છે કે યોજના મુજબ બાકી દાવાઓની ચુકવણી એમડિટીએલસીઆઈએલ દ્વારા થવાની છે. કલમ–૭(બી)(૮) માં આવેલ ‘મે’ શબ્દનો અર્થ ‘શેલ’ તરીકે વાંચવો જોઈએ.

૧૦. વિદ્વાન એકલ ન્યાયાધીશે એ પણ ઠરાવ્યું હતું કે અપીલકર્તાએ નવો જોડાણ એ કારણે નકાર્યો છે કે જેના સંબંધમાં નવું જોડાણ માંગવામાં આવ્યું છે તે બાબતે વીજળીના બાકી લેણાં છે. આ સંદર્ભે 'પુરવઠાની શરતો' ની કલમ ૨(જે) પર મૂકવામાં આવેલો આધાર ગેરસ્થાને છે. તે જ રીતે, આ અદાલતના એલ.પી.એ. નં. ૬૯૩ ઓફ ૨૦૦૩ ના ચુકાદા પર મૂકવામાં આવેલો આધાર પણ ગેરસ્થાને છે. કલમ ૨(જે) લાગુ પડતી નથી, કારણ કે એમ.ડી.ટી.એલ.સી.આઈ.એલ. અને એન.સી.એસ.એમ.એલ. ચાલુ વ્યવસાયિક એકમો છે અને જી.ઈ.બી. તેના લેણાં તેમની પાસેથી વસૂલ કરી શકે છે. એ પણ દર્શાવવામાં આવ્યું છે કે યોજના મુજબ ૩૧.૩.૨૦૦૬ થી ૫ વર્ષની અંદર એમ.ડી.ટી.એલ.સી.આઈ.એલ. દ્વારા લેણાં ચુકવવાના છે. વધુમાં, અરજદારની રજૂઆત મુજબ ૧૯૯૪ પૂર્વના સમયગાળાના વીજળીના લેણાં એમ.ડી.ટી.એલ.સી.આઈ.એલ. દ્વારા પણ ચુકવવાના નથી. એવી સ્થિતિમાં, કારણ કે આ લેણાં અગાઉના માલિકના લેણાં નથી, કલમ ૨(જે) લાગુ પડતી નથી.

૧૧. અંતમાં, અદાલતે એ હકીકતનો પણ ઉલ્લેખ કર્યો છે કે જી.ઈ.બી. દ્વારા મિલ પાસેથી તેની બાકી રકમ વસૂલ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. તે માટે જી.ઈ.બી.એ નોટિસ જારી કરી હતી. એન.સી.એસ.એમ.એલ.એ એસ.સી.એ. નં. ૪૯૫૧/૧૯૯૯ દાખલ કરી હતી, જેમાં એન.સી.એસ.એમ.એલ.ને અંતરિમ રાહત આપવામાં આવી હતી. જી.ઈ.બી.એ એન.સી.એસ.એમ.એલ. પાસેથી કોઈ વસૂલી કરી નથી. જો એમ હોય, તો उक्त અરજીના અરજદાર પાસેથી કોઈ વસૂલી કરી શકાય નહીં.

૧૨. પક્ષકારો વચ્ચેનો વિવાદ યોજનાની જોગવાઈઓ અને કલમ ૨(જે) ને કેન્દ્રમાં રાખીને ઉભો થાય છે. અપીલકર્તાનું કહેવું છે કે કલમ ૨(જે) ના

પ્રકાશમાં સામાવાળા બાકી રકમ ચૂકવવા માટે જવાબદાર છે. બીજી તરફ, સામાવાળાનું કહેવું છે કે યોજનાને ધ્યાનમાં લેતા તે જવાબદાર નથી અને અપીલકર્તાએ યોજના અનુસાર જોડાણ આપવું આવશ્યક છે.

૧૩. યોજનાની રચના અંગેની રજૂઆતો આ મુજબ છે : અપીલકર્તાનું કહેવું છે કે અપીલકર્તા યોજના અંગે પક્ષકાર ન હતું, તેથી યોજના તેના પર બંધનકારક નથી. અપીલકર્તાનો દાવો છે કે આ સ્વરૂપનો વાંધો, અર્થાત્ અપીલકર્તાને તક આપ્યા વગર યોજના ઘડવામાં આવી હતી, એવો છે કે જે વીજ પુરવઠો આપવા સંબંધિત આદેશ અને યોજનાને દૂષિત બનાવે છે. એવો વાંધો કેસના મૂળ સુધી પહોંચે છે અને તેથી, એવો આદેશ અથવા યોજના અમલમાં મુકવાની માંગ કરવામાં આવતી હોય તેવી આનુષંગિક કાર્યવાહી અથવા તેવી કાર્યવાહીમાં પણ તે ઉઠાવી શકાય છે. વધુમાં એવી દલીલ પણ કરવામાં આવી હતી કે દલીલના હેતુસર માન્ય ધરીએ કે યોજના જી.ઈ.બી. / ડીજીવીસીએલ પર બંધનકારક છે, તો પણ અપીલકર્તા માત્ર કાયદા અનુસાર જ વીજ જોડાણ આપવા બંધાયેલ છે અને એવી સ્થિતિમાં, અગાઉની બાકી રકમની ચુકવણી કર્યા વિના નવું જોડાણ આપી શકાય નહીં.

૧૪. પ્રસ્તુત રજૂઆત સિદ્ધાંતરૂપે 'આકર્ષક' જણાતી હોવા છતાં, તેમાં ભાગ્યે જ કોઈ તત્ત્વ છે. યોજનામાં, વીજળીના બાકી ચૂકવણાં અંગે, ઉક્ત વિષય ગુજરાત સરકાર (જી.ઓ.જી.) સમક્ષ મૂકવામાં આવ્યો છે. અપીલકર્તા યોજનામાં પક્ષકાર નહોતો તેવી ફરિયાદ, જો આ વાત ધ્યાનમાં રાખવામાં આવે કે જી.ઓ.જીએ યોજનાની હેઠળ અપાયેલી રાહત અને છૂટછાટ વિરુદ્ધ વાંધો ઉઠાવવા પગલાં લીધાં છે, તો વધુ કે ઓછી હદે ટેકનિકલ બની જાય છે. તેની નોંધ લેતાં પહેલાં, આ નોંધવું યોગ્ય રહેશે કે યોજનાની હેઠળ, આવકવેરા અધિનિયમ હેઠળ મુક્તિ મંજૂર કરવાની બાબત તથા ઉક્ત અધિનિયમ હેઠળની અન્ય રાહતો જેટલી

બાબતોનો સંબંધ છે, ત્યાં સુધી યોજનામાં તે માટે કેન્દ્ર સરકારને સંબોધવામાં આવ્યું છે.

૧૫. યોજનાની સામે, નોંધ પર એવું છે કે ગુજરાત સરકારે એ.એ.આઈ.એફ.આર. સમક્ષ અપીલ નં. ૩૧૮/૨૦૦૬ દાખલ કરી હતી, જેમાં યોજનાના હેઠળ આપવામાં આવેલી રાહતો અને સવલતોને પડકારવામાં આવી હતી. જોકે, બાદમાં, એટલે કે ૧.૨.૨૦૦૭ના રોજ, ઉક્ત અપીલનો "આગળ દબાવેલ નથી" તરીકે નિકાલ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ, ગુજરાત સરકારે આ અદાલત સમક્ષ વિશેષ નાગરિક અરજી નં. ૧૨૨૧૩/૨૦૦૭ દાખલ કરી હતી, જે અધિકારક્ષેત્રના આધારે નામંજૂર કરવામાં આવી હતી. તેથી, ગુજરાત સરકારે દિલ્હી વડી અદાલત સમક્ષ અરજીફરિયાદ દાખલ કરી હતી. સુનાવણી સમયે એ દર્શાવવામાં આવ્યું હતું કે ઉક્ત અરજીફરિયાદ પણ નામંજૂર કરવામાં આવી હતી, કારણ કે અરજદારે અપીલીય સત્તાધિકારી સમક્ષ પડકારાયેલ આદેશને આગળ દબાવ્યો ન હતો.

૧૬. ઉપરોક્તને ધ્યાનમાં લેતા, અપીલકર્તાઓ આ દલીલ કરી શકતા નથી કે યોજના તેમને બાધ્ય કરતી નથી, કારણ કે તેઓ યોજનાના પક્ષકાર નથી. આ સંદર્ભે, એ નોંધવું રસપ્રદ અને મહત્વપૂર્ણ છે કે આ અદાલતે અગાઉ અપીલકર્તાને યોજનાને પડકારવાની તક આપી હતી. હાલની લેટર્સ પેટન્ટ અપીલ જે ખાસ દિવાણી અરજી નં. ૨૧૮૨૪/૨૦૦૬માંથી ઉદ્ભવે છે, તેની સ્વીકૃતિના તબક્કે આ અદાલતે તા. ૨૧.૧૨.૨૦૦૬ના રોજ નીચે મુજબ આદેશ કર્યો હતો:-

> "ઔદ્યોગિક અને આર્થિક પુનર્ગઠન બોર્ડ દ્વારા તા. ૨૧મી જુલાઈ, ૨૦૦૬ ના રોજ પસાર કરાયેલા આદેશને ધ્યાનમાં લેતા, સામાવાળા તરફથી વિદ્વાન વકીલ દ્વારા રજૂઆત કરવામાં આવે છે કે વર્તમાન સામાવાળા સરકાર માલિકીની કંપની હોવાથી રાજ્ય સરકાર આવશ્યક પક્ષકાર બનશે. અરજદારને વિજળી જોડાણ

આપવાના હેતુસર રાજ્ય સરકાર દ્વારા બીઆઈએફઆર સમક્ષ કેટલીક છૂટછાટ આપવામાં આવી છે. અરજદારે સામાવાળાને ચૂકવવાના બાકીદારો અંદાજે રૂ. ૧૫ કરોડ જેટલા છે. તેથી, જો રાજ્ય સરકારને સામાવાળા ક્રમાંક ૨ તરીકે પક્ષકાર બનાવવામાં આવે અથવા સામાવાળાને કોઈ ધિરાણ, અનુદાન અથવા સહાય આપવામાં આવે, તો રૂ. ૧૫ કરોડની રકમ ચૂકવી શકાય અને તે સ્થિતિમાં સામાવાળા હરાજી અથવા બીઆઈએફઆર દ્વારા તા. ૨૧મી જુલાઈ, ૨૦૦૬ ના રોજ પસાર કરાયેલા આદેશ અથવા બન્નેને પડકારવા કાર્યવાહી આરંભી શકે. આ રજૂઆતના પરિપ્રેક્ષ્યમાં, અરજદારને આ દ્વારા ધ સેક્રેટરીને પક્ષકાર બનાવવા નિર્દેશ આપવામાં આવે છે, ગુજરાત રાજ્ય, ઊર્જા વિભાગ, સચિવાલય, ગાંધીનગરને પક્ષકાર સામાવાળા તરીકે જોડવામાં આવે. નવી ઉમેરાયેલ પક્ષકારને નોટિસ ૧૬મી જાન્યુઆરી, ૨૦૦૭ના રોજ પરતફેરપાત્ર રાખી જારી કરવામાં આવે. આ દરમિયાન, આ સમયનો લાભ સામાવાળા કંપની દ્વારા આદેશ અથવા હરાજી અથવા બી.આઈ.એફ.આર.ના આદેશને પડકારવા સંબંધિત વધુ વિચારવિમર્શમાં ઉઠાવવામાં આવશે. એસ.ઓ. તારીખ ૧૬મી જાન્યુઆરી, ૨૦૦૭ સુધી."

૧૭. તેમાં કોઈ વિવાદ નથી કે ઉપરોક્ત આદેશ પછી પણ અપીલકર્તાએ યોજનાને પડકારવાનો વિકલ્પ પસંદ કર્યો નહોતો. એવું જણાય છે કે અપીલકર્તાએ વિદ્વાન એકલ ન્યાયાધીશના ચુકાદાને પડકારવો જોઈએ કે નહીં તે અંગે કાનૂની અભિપ્રાય મેળવ્યો હતો. વિદ્વાન એકલ ન્યાયાધીશના ચુકાદાનો વિચાર કર્યા બાદ આપવામાં આવેલા વિગતવાર લેખિત અભિપ્રાયમાં નિષ્ણાતે એલ.પી.એ. દાખલ ન કરવાની અને વિદ્વાન એકલ ન્યાયાધીશનો ચુકાદો સ્વીકારી લેવાની સલાહ આપી હતી.

૧૮. આ દલીલનો બીજો એક પાસો પણ છે. સામાવાળા ક્રમાંક ૧ તરફથી વિદ્વાન વકીલે લેખિત રજૂઆતોમાં અપીલકર્તાના જનરલ મેનેજર (કૉમ.) દ્વારા લખાયેલા એક પત્ર તરફ ધ્યાન દોર્યું છે. આ પત્ર એમ.ડી.ટી.એલ.સી.આઈ.એલ.ને સંબોધિત છે. પત્રનો વિષય બીઆઈએફઆર યોજના તા. ૫.૧૨.૧૯૯૬ છે. આ પત્ર એમ.ડી.ટી.એલ.સી.આઈ.એલ.ના તા.

૪.૯.૧૯૯૭ના પત્રના પ્રતિસાદમાં લખાયેલો છે. અંતે, જનરલ મેનેજરે આ પત્રની નકલ નીચે મુજબ મોકલી છે;

(૧) ચીફ એન્જિનિયર (ડિસ્ટ.), જી.ઈ.બી. એચ.ઓ., બરોડા
(૨) એડિશનલ સી.ઈ. (ઝોનલ), જી.ઈ.બી., સુરત
(૩) એસ.ઈ. (ઓએનએમ) સી.ઈ.ઈ., વલસાડ અને
(૪) ઈ.ઈ. (ઓએનએમ) જી.ઈ.બી., નવસારી.

પત્રના અંતે એક નોંધ મૂકવામાં આવી છે, જે આ પ્રમાણે વાંચાય છે;

"તમને આ કચેરીને જાણ કરીને, બીઆઈએફઆર ના તા. ૫.૧૨.૧૯૯૬ ના આદેશ મુજબ બાકી લેણાંની હપ્તાની રકમ તથા સુરક્ષા થાપણ સ્વીકારવા વિનંતી કરવામાં આવે છે. તેમજ તા. ૨૯.૮.૧૯૯૭ ના સરકારના ઠરાવ મુજબ જરૂરી પગલાં લેવા માટે પણ તમને વિનંતી કરવામાં આવે છે (યથાવત્). ઉક્ત ઠરાવની નકલ તમારી તાત્કાલિક નોંધ માટે સંલગ્ન છે.

૧૯. કેસની પરિસ્થિતિઓમાં, અપીલકર્તાની આ દલીલ કે યોજના અપીલકર્તા પર બંધનકારક નથી કારણ કે અપીલકર્તાને સાંભળ્યા વિના તે ઘડવામાં આવી હતી, સ્વીકારી શકાય નહીં.

૧૯.૧ લેખિત રજૂઆતોમાં, અપીલકર્તાએ એ પણ દલીલ કરી છે કે ૨૦૦૬ની યોજના બીઆઈએફઆર ના તા. ૨૯.૯.૨૦૧૧ના આદેશને ધ્યાનમાં લેતાં તથા એએઆઈએફઆર ના તા. ૧૫.૫.૨૦૧૩ના આદેશને ધ્યાનમાં લેતાં નિષ્ફળ ગઈ છે. અપીલકર્તાનું કહેવું છે કે જો યોજના નિષ્ફળ ગઈ હોય, તો તે સંપૂર્ણરૂપે નિષ્ફળ ગઈ ગણાય અને તે આંશિક રીતે નિષ્ફળ ગઈ છે એવી દલીલ કરી શકાતી નથી. રજૂઆતનો તાર એવો છે કે યોજના નિષ્ફળ ગઈ હોવાથી, સામાવાળા યોજનાની હેઠળની કોઈપણ રાહત, મુક્તિ અથવા દિશાનિર્દેશનો લાભ માગી શકતો નથી. આ રજૂઆતમાં પણ કોઈ સાર નથી. ૨૦૦૬ની યોજના વિચારણા હેઠળ નહોતી અને તેનાથી પણ વધુ, અદાલત બીઆઈએફઆર દ્વારા ઘડવામાં આવેલી યોજનાની કાર્યક્ષમતાનો વિચાર કરતી નહોતી.

બીઆઈએફઆર એ પોતાના તા. ૨૯.૦૯.૨૦૧૧ના આદેશમાં જે નિષ્કર્ષ નોંધાવ્યો હતો, એટલે કે કંપનીને એકમને પુનર્જીવિત કરવા માટે "પર્યાપ્ત સમય" અને "પૂરતી તકો" આપવામાં આવી હતી, છતાં તે નિષ્ફળ ગઈ, તે એનસીએસએમએલ સાથે સંબંધિત છે અને તે જ બાબતને સ્પર્શે છે. બીઆઈએફઆર એ उक्त મિલને બંધ કરીને સમાપ્તિ કરવાની આજ્ઞા કરી છે. અહીં વિચારાધીન મુદ્દા સાથે તેનો બહુ ઓછો સંબંધ છે. બીઆઈએફઆર ના તા. ૨૯.૯.૨૦૧૧ના આદેશનો આશ્રય લઈને યોજનામાં દોષ દર્શાવવાનો પ્રયત્ન સ્વીકાર્ય થઈ શકે તેમ નથી. વધુમાં, એએઆઈએફઆર ના તા. ૧૫.૫.૨૦૧૩ના સંક્ષિપ્ત આદેશ પરથી એવું જણાય છે કે મૂળ બાકી રકમ રૂપિયા ૯૨ લાખ હતી અને દંડ, વ્યાજ વગેરેની ઉમેરા કારણે સમય જતાં તે વધી રૂપિયા ૨૧ કરોડથી વધુ થઈ ગઈ હતી. યોજના સાથે બીઆઈએફઆર અને અપીલીય સત્તાધિકારીના આદેશોને વાંચીને કરવામાં આવેલી આ રજૂઆતમાં પણ કોઈ સાર નથી. વિદ્વાન એકલ ન્યાયાધીશના આદેશમાં કોઈ હસ્તક્ષેપ કરવાનું આવશ્યક નથી.

૨૦. વિશાળ દલીલ કલમ ૨(જે) ની આસપાસ કેન્દ્રિત રહી. અપીલકર્તાનું કહેવું છે કે કલમ ૨(જે) અમલમાં છે અને હાલના કેસના તથ્યો પર પણ લાગુ પડે છે. બીજી તરફ, સામાવાળાનું કહેવું છે કે તે અમલમાં રહેતી નથી અને તેનો રદબાતલ કરવામાં આવ્યો છે. કોઈપણ સ્થિતિમાં, તે હાલના કેસના તથ્યો પર લાગુ પડતી નથી. અપીલકર્તા તરફના વિદ્વાન વકીલે લેખિત રજૂઆતોમાં કલમ ૨(જે) ઉદ્ધૃત કરી છે. તે આ પ્રમાણે છે;

> ૨(જે) બોર્ડની બાકી રહેલી રકમ ગ્રાહકો / કબજેદારો પાસેથી વસૂલ થવાની બાકી હોય તેવા કોઈપણ પરિસરની વીજ જોડાણની પુનઃસ્થાપના અથવા નવું જોડાણ મંજૂર કરવામાં આવશે નહીં. નવા ઉત્તરાધિકારી / કબજેદારે વીજ પુરવઠા માટે ઉત્તરાધિકારી / કબજેદારની અરજીની પ્રક્રિયા કરવામાં આવે તે પહેલાં અગાઉના ગ્રાહકની આ બાકી રકમો ચૂકવવાની રહેશે. જો બોર્ડને પાછળની તારીખે અગાઉના ગ્રાહક પાસેથી આ બાકી રકમોની સંપૂર્ણ અથવા આંશિક વસૂલાત થાય, તો આવી બાકી રકમોની વસૂલાત માટે

થયેલા કાનૂની ખર્ચ સહિતના ખર્ચની સમાયોજના કર્યા બાદ તે રકમ ઉત્તરાધિકારી / કબજેદારને પરત કરવામાં આવશે અને આવી પરત રકમ પર કોઈ વ્યાજ મળવાનું નહીં.

૨૧. વિદ્યુત પુરવઠા સંહિતા હેઠળ ઘડાયેલ કલમ ૨(જે). કલમ ૨(જે) ૧૦.૯.૨૦૦૧ના રોજ અમલમાં આવી. એવી રજૂઆત કરવામાં આવી હતી કે વિદ્યુત અધિનિયમ, ૧૯૪૮ની કલમ ૪૯ હેઠળ બહાર પાડવામાં આવેલી અધિસૂચનાના બળે તે અમલમાં લાવવામાં આવી હતી. વિદ્યુત અધિનિયમ, ૧૯૧૦ અને ૧૯૪૮ રદ કરવામાં આવ્યા અને ૨૦૦૩નો નવો અધિનિયમ ૧૦.૬.૨૦૦૩થી અમલમાં આવ્યો અને નવો અધિનિયમ ગુજરાતમાં ૧૦.૧૨.૨૦૦૪ના રોજ લાગુ કરવામાં આવ્યો. પક્ષકારો વચ્ચેનો વિવાદ આ રજૂઆતોને કેન્દ્રમાં રાખે છે; (૧) એસ.આઈ.સી.એ. અને વિદ્યુત અધિનિયમમાં રહેલી અધિપ્રભાવી જોગવાઈનો પ્રભાવ અને (૨) કલમ ૨(જે) નવા અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોવાથી, તે બચાવ જોગવાઈ દ્વારા સંરક્ષિત રહેશે.

૨૨. બીજા મુદ્દાને પ્રથમ લેતા, અપીલકર્તા તરફથી વિદ્વાન વકીલની રજૂઆત એવી છે કે, વિદ્યુત અધિનિયમની કલમ ૧૮૫ દ્વારા ખંડ ૨(જે) બચાવવામાં આવે છે. સામાન્ય ખંડ અધિનિયમની કલમ ૬ પર પણ આધાર મૂકવામાં આવ્યો હતો. બીજી તરફ, સામાવાળા તરફથી વિદ્વાન વકીલ આ રજૂઆતનો વિવાદ કરે છે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, કેસની પરિસ્થિતિઓમાં ખંડ ૨(જે) બચાવવામાં આવેલ નથી.

૨૩. જનરલ ક્લોઝિસ એક્ટની કલમ ૬(સી) રદ કરાયેલા અધિનિયમ હેઠળ પ્રાપ્ત થયેલા હકો વગેરે અથવા ઉપજેલી જવાબદારીઓ વગેરેને સુરક્ષિત રાખે છે. કલમ ૧૮૫ સામાન્ય બચાવ અને રદ કરવાની જોગવાઈ છે. સામાન્ય રીતે, રદ કરાયેલા અધિનિયમ હેઠળ બનાવવામાં આવેલી જોગવાઈ નવીન અધિનિયમની

જોગવાઈ સાથે અસંગત છે કે નહીં, તેનો જવાબ મેળવવા માટે નવા અધિનિંયમની બચાવ જોગવાઈનો સ   દર્ભ લેવો જોઈએ. આ એક પ્રાથમિક સિદ્ધાંત છે. અહીંનો પ્રશ્ન થોડો ભિન્ન છે. પ્રશ્ન એવો નથી કે — ઉદાહરણ તરીકે — બચાવ જોગવાઈ (કલમ ૧૮૫)ની રૂઢિપ્રયોગી અથવા મર્યાદિત ભાષાને પ્રશ્નાધીન જોગવાઈને સુરક્ષિત રાખવાની શક્તિ છે કે નહીં. બીજા શબ્દોમાં કહીએ તો, સામાવાળાનું એવું કહેવું નથી કે બચાવ કલમ એટલે કે કલમ ૧૮૫ની રૂઢિપ્રયોગી અથવા મર્યાદિત કાર્યક્ષમતાને કારણે કલમ ૨(જે) સુરક્ષિત રહેતી નથી અને તેથી તેના પર આધાર રાખી શકાય નહીં. કલમ ૨(જે)ની લાગુ પડતાને આ રીતે કસોટી પર ચકાસવાની નથી. સારરૂપે અને સામાન્ય નિવેદન તરીકે એવું કહી શકાય કે રદ કરાયેલા અધિનિયમ હેઠળ રચાયેલ કલમ ૨(જે) નવા અધિનિયમ હેઠળ સુરક્ષિત છે, કારણ કે તે કોઈપણ રીતે નવા અધિનિયમ સાથે "સીધા સંઘર્ષ"માં આવતી નથી. બીજા શબ્દોમાં, અન્ય પરિબળોને બાજુએ રાખીએ તો સારરૂપે અને સામાન્ય રીતે એવું કહી શકાય કે નવું અધિનિયમ એટલે કે કલમ ૧૮૫, કલમ ૨(જે) પ્રત્યે એવું દૂષિતરૂપે વિરોધી નથી.

૨૪. સુનાવણીના સમયે આ અદાલતની વિભાગીય ખંડપીઠના તે ચુકાદા તરફ ધ્યાન દોરવામાં આવ્યું, જેમાં આ અદાલતે કલમ ૨(જે) ની માન્યતા યથાવત્ રાખી હતી (કૃષ્ણા ઇન્ડસ્ટ્રીઝ વિ. જી.ઈ.બી. એલ.પી.એ. નં. ૧૪૮૪ ઓફ ૨૦૦૪ માં, તા. ૧૮.૭.૨૦૦૫ના રોજ નિર્ણય કરવામાં આવેલ). સુનાવણીના સમયે સામાવાળા તરફથી વિદ્વાન વકીલે નિયમન ૪.૧.૧૧ તરફ ધ્યાન દોર્યું હતું. ઉક્ત નિયમનનો ઉલ્લેખ કરીને એવી રજૂઆત કરવામાં આવી હતી કે કલમ ૨(જે) ને સમકક્ષ જોગવાઈ ત્યારબાદ સત્તાધિકારીએ ઘડી છે. નિયમન ૪.૧.૧૧ કલમ ૨(જે) જેવું જ છે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે નિયમન ૪.૧.૧૧ ને ધ્યાનમાં લેતાં હવે કલમ ૨(જે) અસ્તિત્વમાં રહી નથી. નોંધનીય છે કે નિયમન ૪.૧.૧૧ ની માન્યતા સંજય બલવંતરાય દેસાઈ વિ.

ડી.જી.વી.સી.એલ. – એસ.સી.એ. નં. ૨૫૮૨ ઓફ ૨૦૧૨ના કેસમાં પડકારવામાં આવી હતી. તે પ્રશ્ન પૂર્ણ ખંડપીઠ દ્વારા વિચારવામાં આવ્યો હતો. માનનીય મુખ્ય ન્યાયમૂર્તિએ ખંડપીઠ તરફથી બોલતા એવો નિષ્કર્ષ નોંધ્યો હતો કે, 'નિયમન ૪.૧.૧૧ અસંગત છે અને તેથી તે વિદ્યુત અધિનિયમ, ૨૦૦૩ ની કલમો ૪૩, ૫૦, ૫૬ અને ૧૮૧ ની જોગવાઈઓથી પરે છે.' નિયમન ૪.૧.૧૧ સંદર્ભે આવેલ આ નિષ્કર્ષ અત્રેના મુદ્દાના વિચાર માટે અપ્રસંગિક નથી, પરંતુ ચર્ચાધીન મુદ્દા પર તેનું કંઈક પ્રભાવ છે. કલમ ૨(જે) વિદ્યુત પુરવઠા અધિનિયમ, ૧૯૪૮ ને વાંચવું ૧૯૧૦ના અધિનિયમ સાથે હેઠળ ઘડવામાં આવી હતી. એ સાચું છે કે ઉપરોક્ત કેસમાં પૂર્ણ ખંડપીઠે નિયમન ૪.૧.૧૧ ની માન્યતા ૨૦૦૩ના અધિનિયમના સંદર્ભે વિચારી હતી, તેમ છતાં ૧૯૪૮ના અધિનિયમની કલમ ૧૯ ના સ્થાને નવીન અધિનિયમની કલમ ૪૩ આવી છે અને કલમ ૭૯ ના સ્થાને કલમ ૧૮૧ આવી છે, તે હકીકતને જોતા આ બાબતનું વિશેષ મહત્ત્વ અને પરિણામ રહેલું નથી. કલમો ૫૦ અને ૫૬ નવી જોગવાઈઓ હોવાનું જણાય છે. આ સંદર્ભે સ્વીકારવું પડે કે નવીન અધિનિયમની જોગવાઈઓ જૂની જોગવાઈઓનું યથાવત્ શબ્દશઃ પુનરુત્પાદન નથી, અને ન તો તે જૂના અધિનિયમમાંથી જેમનું તેમ ઉપાડવામાં આવી છે. પરંતુ જૂના અધિનિયમ અને નવીન અધિનિયમની આ જોગવાઈઓ સમકક્ષ સ્વરૂપની છે, તે બાબત વિવાદાસ્પદ બની શકે તેમ નથી. બીજી તરફ, અમે કલમ ૨(જે) ની માન્યતા વિષે વિચારણા કરતા નથી. અત્રેનો ઉલ્લેખ અને પરિસ્થિતિ ભિન્ન છે. સંજય બલવંતરાય દેસાઈના કેસે (ઉપરોક્ત) એવી દલીલ માટે દ્વાર ખોલે છે કે કલમ ૨(જે) અધિનિયમની બે-એક જોગવાઈઓ સાથે અસંગત છે. ઉપરોક્ત નિર્દિષ્ટ નિર્ણયમાં પૂર્ણ ખંડપીઠે પરિચ્છેદ ૧૬, ૧૭, ૧૯ અને ૨૧ માં નીચે મુજબ ઠરાવ્યું છે :

> "૧૬. તેથી, જ્યારે અધિનિયમમાં જ સંસદે કોઈ મકાનમાં અગાઉના ગ્રાહકના બાકી લેણાંની ચુકવણી કરવા અંગે, જૂના ગ્રાહક પાસેથી ખરીદી કરનાર ખરીદદારને નવું જોડાણ મેળવવા માટે કોઈ શરત લાદી નથી, યદ્યપિ ગ્રાહકને વીજ પુરવઠો આપવા માટે જામીન લેવાની અથવા અન્ય વધારાની શરતો લાદવાની

જોગવાઈઓ છે, ત્યારે કલમ ૫૦નો સહારો લઈ, અધિનિયમ હેઠળ નિર્ધારિત પ્રત્યાયોજિત સત્તાધિકારી એવી નિયમનકારી પંચને, એ જ મકાનમાં નવું જોડાણ આપવા માટે, જેના વીજ જોડાણને પહેલેથી જ વિચ્છેદિત કરવામાં આવ્યું હોય એવા અગાઉના ગ્રાહકના બાકી રકમની જમા કરવાની શરત વીજ પુરવઠા સંહિતામાં નિર્ધારિત કરવાનો અધિકાર પ્રાપ્ત નથી. સામાવાળાઓના વિદ્વાન વકીલનો આ તર્ક અમે સ્વીકારી શકતા નથી કે અહીં પડકારવામાં આવેલી શરત અધિનિયમની કલમ ૫૦માં આવેલ “આવી અન્ય બાબતો” ના વ્યાપમાં આવે છે, જ્યારે સંસદે જાગૃતપણે કલમ ૫૦માં આવી સત્તાને વિશિષ્ટ રીતે અધિકૃત કરી નથી અને સાથે સાથે સમગ્ર અધિનિયમમાં પણ, યદ્યપિ ગ્રાહકે પૂર્ણ કરવાનાં જામીન અને અન્ય વધારાની શરતો અંગેની જોગવાઈ કરવામાં આવી છે, તેવી વસૂલી અંગે કોઈ જોગવાઈ કરવામાં આવી નથી. તે જ રીતે, કલમ ૧૮૧[૨] [૧૦] માત્ર નિયમનકારી પંચને કલમ ૫૦ના વિષયવસ્તુ સંબંધિત કોઈપણ જોગવાઈને વીજ પુરવઠા સંહિતામાં સમાવેશ કરવાની સત્તા આપે છે.

૧૭. જો આપણે અધિનિયમની કલમ ૪૩ માં સમાવાયેલ જોગવાઈનો અભ્યાસ કરીએ, તો તે જોગવાઈ સ્પષ્ટપણે વિતરણ પરવાનાધારક પર એવો આદેશ મૂકે છે કે, ઉક્ત જોગવાઈની પરંતુક શરતને આધીન રહી, આવા પરિસરના માલિક અથવા કબજેદાર દ્વારા કરવામાં આવેલી અરજીએ અરજી પ્રાપ્ત થયાની તારીખથી એક મહિનાની અંદર તે પરિસરને વીજ પુરવઠો આપવો. કલમ ૪૩ માં સ્વયં એવી કોઈ શરત લાદવામાં આવી નથી કે વીજ પુરવઠો મેળવવા માટે તે પરિસરમાં વપરાયેલી વીજળી અંગેના અગાઉના ઉપભોક્તાના બાકી લેણાં પણ ચૂકવવામાં આવવા જોઈએ.

૧૯. અમે જણાવીયે છીએ કે વિદ્યુત અધિનિયમ, ૨૦૦૩ માં, વિદ્યુત વપરાશનો લાભ લેવા માટેની શરતરૂપે સુરક્ષા આપવાની વિશિષ્ટ જોગવાઈ છે અને કલમ ૪૮ માં જોગવાઈ મુજબ પુરવઠાની વધારાની શરતો લાદવાની પણ જોગવાઈ છે. પરંતુ અધિનિયમના ભાગ ૬ માં, જે કલમ ૪૨ થી શરૂ થઈ કલમ ૬૦ પર પૂર્ણ થાય છે, ત્યાં બાકીદાર ગ્રાહકને જે પરિસરમાં વિદ્યુત પુરવઠો આપવામાં આવ્યો હતો તે પરિસર ખરીદનાર વ્યક્તિ પાસેથી, તે પરિસરમાં પૂર્વ ગ્રાહક દ્વારા કરાયેલા વપરાશ સંબંધિત બાકી રકમની ચુકવણી કરવાની શરત લાદવાની કોઈ સત્તા પ્રદાન કરવામાં આવી નથી.

૨૧. તેથી, અમે નિષ્કર્ષે આવી છીએ કે પ્રતિનિયુક્ત કાનૂનરચનાના બળે, નિયમનકારી આયોગે અધિનિયમની કલમ

> ૫૦ અને ૧૮૧[૨] [૧૦] ની મર્યાદા માત્ર લાંઘી જ નથી, પરંતુ અધિનિયમની કલમ ૫૬[૨] નો પણ ભંગ કર્યો છે, કારણ કે અધિનિયમ હેઠળ કાનૂની રીતે વસૂલ ન કરી શકાય તેવી રકમને વસૂલ કરી શકાય તેવી બનાવવાનો અવકાશ આપ્યો છે. આ ઉલ્લેખ કરવો અનાવશ્યક છે કે રાજ્ય આયોગને નિયમ બનાવવાની સત્તા અધિનિયમ સાથે સુસંગત હોવી જોઈએ અને તેના કોઈપણ ભાગ સાથે અસંગત ન હોવી જોઈએ. તેથી, અમે નિષ્કર્ષે આવી છીએ કે સુધારેલ નિયમ ૪.૧.૧૧ માં સમાવાયેલ જોગવાઈનો પ્રથમ ભાગ, જે પરવાનાધારકને પરિસરની અનુવર્તી ખરીદદારમાંથી ગ્રાહકની બાકી રકમ નવી વીજળી જોડાણ આપવાની શરત તરીકે માંગવાની સત્તા આપે છે, તે અધિનિયમની કલમ ૪૩, ૫૦, ૫૬, ૧૨૬ અને ૧૮૧[૨] [૧૦] માં સમાવાયેલ જોગવાઈઓનું ઉલ્લંઘન કરે છે."

૨૪.૧ એ પણ નોંધવા યોગ્ય છે કે એલ.પી.એ. નં. ૧૪૮૪ ઓફ ૨૦૦૪ એટલે કે કૃષ્ણા ઇન્ડસ્ટ્રીઝના કેસમાં (ઉપરોક્ત) – જેમાં આ અદાલતે કલમ ૨(જે) ની માન્યતા યથાવત્ રાખી હતી – તેનો ઉલ્લેખ સંજય બલવંતરાય દેસાઈના કેસમાં (ઉપરોક્ત) પૂર્ણ ખંડપીઠ દ્વારા કરવામાં આવ્યો હતો।

૨૪.૨ નિયમન ૪.૧.૧૧ બાબતે પૂર્ણ પીઠે લીધેલો અભિપ્રાય, કલમ ૨(જે) ની મૂળવણી કરતી વખતે, સામાવાળાના પક્ષે વાંચી શકાય છે.

૨૪.૩ એક વધુ ભેદકારક લક્ષણ નોંધવા યોગ્ય છે. એવું કહી શકાય કે ૧૯૪૮ના અગાઉના અધિનિયમથી ભિન્ન રીતે, ૨૦૦૩ના અધિનિયમમાં 'પ્રાંગણ'ને કલમ ૨ હેઠળ વ્યાખ્યાયિત કરવામાં આવ્યું છે. ટૉરેન્ટ પાવર લિમિટેડના કેસમાં – ૨૦૦૬ (૩) જી.એલ.આર. ૧૯૪૪, આ અદાલતની વિભાગીય ખંડપીઠે ટૉરેન્ટ પાવર કંપનીની અપીલ ફગાવતા, પરિચ્છેદ ૭માં નીચે મુજબ ઠરાવ્યું છે :

> "૭. જોગવાઈઓના સંયુક્ત વાંચન પરથી સામાવાળા – કંપનીનો મામલો સ્વીકારવો શક્ય નથી. અધિનિયમની કલમ ૪૩ "વિનંતી પર વીજ પુરવઠો આપવાની ફરજ" વિષે છે. અધિનિયમની કલમ ૪૩ ની ઉપકલમ (૧) હેઠળ એવી જોગવાઈ કરવામાં આવી છે કે કોઈપણ પરિસરના માલિક અથવા કબજેદાર દ્વારા અરજી કરવામાં આવે ત્યારે વિતરણ પરવાનાધારક ઉપર એવી ફરજ છે કે તેવા

પરિસરને આવી પુરવઠાની અરજી મળ્યાની તારીખથી એક મહિનાની અંદર વીજળીનો પુરવઠો આપવો. સામાવાળા કંપની તરફથી "તેવા પરિસરને" વીજળીનો પુરવઠો આપવાનો છે એવો જે ભાર મૂકવામાં આવ્યો છે તે ભૂલભર્યો છે. પ્રથમ તો, અરજી કોઈપણ પરિસરના માલિક અથવા કબજેદાર દ્વારા કરવામાં આવે છે, અને તેથી "તેવા પરિસર" શબ્દસમૂહનો અર્થ પૂર્વવર્તી ભાગ, એટલે કે પરિસરના માલિક અથવા કબજેદાર, માંથી પ્રાપ્ત થાય છે. "ઉપભોક્ત" શબ્દની વ્યાખ્યા વાંચવામાં આવે ત્યારે, જેમાં કોઈપણ એવી વ્યક્તિનો ઉલ્લેખ છે જેને વીજળી પુરવઠો આપવામાં આવે છે અને તેમાં એવી વ્યક્તિનો પણ સમાવેશ થાય છે જેના પરિસર હાલ માટે વીજળી પ્રાપ્ત કરવાની હેતુસર જોડાયેલા છે, ત્યારે આ બાબત પૂર્ણપણે સ્પષ્ટ થાય છે. અન્ય શબ્દોમાં, ઉપભોક્તા તે છે જેને વિદ્યુત શક્તિ પ્રાપ્ત થાય છે અથવા પુરવઠા રૂપે આપવામાં આવે છે, અને પરિસર ઉપભોક્તાનું હોય છે. કલમ ૨(૭૦), જે "પુરવઠો" ની વ્યાખ્યા આપે છે, તેમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે પુરવઠોનો અર્થ ઉપભોક્તાને વીજળીનું વેચાણ થાય છે. આ વ્યાખ્યામાં પરિસરને વીજળીના પુરવઠાની વાત કરવામાં આવી નથી."

૨૪.૪ તેણે પણ અનુચ્છેદ ૮ માં નીચે મુજબ ઠરાવ્યું :

"૮. ઉપરોક્ત પૃષ્ઠભૂમિમાં જ્યારે અધિનિયમની કલમ ૫૬ વાંચવામાં આવે છે, ત્યારે સ્પષ્ટ થાય છે કે જ્યાં કોઈ વ્યક્તિ તે વ્યક્તિને કરવામાં આવેલા પુરવઠા અંગેની વીજળી માટેનો કોઈપણ શુલ્ક ચૂકવવામાં બેદરકારી કરે, ત્યાં વીજશક્તિનો પુરવઠો વિચ્છિન્ન કરી શકાય છે. અધિનિયમની કલમ ૫૬ માં કોઈ પરિસર દ્વારા વીજળી માટેનો કોઈપણ શુલ્ક ચૂકવવામાં બેદરકારી કરવાના વિષયમાં કોઈ ઉલ્લેખ નથી. વાસ્તવમાં, પરિસર ઉપભોક્તા હોઈ શકતું નથી અને, તેથી, વીજળી કંપનીનો અભિગમ સ્વીકારને પાત્ર નથી. આ તો સ્વયંસ્પષ્ટ છે કે માત્ર વ્યક્તિ જ ઉપભોક્તા હોઈ શકે, અર્થાત્ વીજશક્તિનો ઉપયોગકર્તા; અને વ્યક્તિથી વિભક્ત પરિસર વીજશક્તિના પુરવઠાનો ઉપયોગકર્તા બની શકતું નથી."

૨૪.૫. નિયમન ૪.૧.૧૧ સહિત વિવિધ નિયમનોનો ઉલ્લેખ કરતાં, તે કેસમાં આ અદાલતનો અનુચ્છેદ ૯, ૧૦ અને ૧૧ માં થયેલો નિષ્કર્ષ એવો છે કે: '... આ નિયમન પણ એવી જોગવાઈ કરતું નથી કે તૃતીય પક્ષ હરાજી ખરીદદારના

કેસમાં પુરવઠાકર્તા વીજ પુરવઠો અટકાવી શકે અને નવા જોડાણ માટેની અરજી નામંજૂર કરી શકે....'

૨૫. આ સંદર્ભે, તેમ છતાં, અપીલકર્તા તરફથી ઉપસ્થિત વિદ્વાન વકીલ દ્વારા આધારરૂપ ઠરાવવામાં આવેલ દક્ષિણ હરિયાણા બિજલી વિતરણ નિગમ લિ.ના મામલા (ઉપરોક્ત) નો ઉલ્લેખ કરી શકાય. તે કેસમાં, સામાવાળાનો પૂર્વવર્તી વીજ કંપનીનો 'ગ્રાહક' હતો. વીજળીના બાકીદારો હતા. કારણ કે ઉક્ત પૂર્વવર્તી કંપનીએ હરિયાણા ફાઈનાન્સ કોર્પોરેશન પાસેથી ધિરાણ પણ લીધેલું હતું અને બાકીદારો ચૂકવવામાં નિષ્ફળ ગઈ હતી, તેથી ઉક્ત ફાઈનાન્સ કોર્પોરેશને પૂર્વવર્તી કંપનીની મિલકતનું હરાજી વેચાણ કર્યું હતું. સામાવાળાએ તે મિલકત હરાજીમાં ખરીદી હતી. તે કેસમાં, કલમ ૨(જે) ને સમાન જોગવાઈ, અર્થાત્ સંબંધિત કાયદેસરની જોગવાઈઓ હેઠળ ઘડવામાં આવેલી સપ્લાયની શરતો અને નિયમોમાં કલમ ૨૧(એ) તા. ૨૭.૧૧.૨૦૦૧થી દાખલ કરવામાં આવી હતી. નોંધવા યોગ્ય છે કે તે કેસમાં કલમ ૨૧(એ) ની માન્યતા વિવાદમાં હતી. તેમાં આ મુજબ ઠરાવવામાં આવ્યું હતું :

> "જ્યારે પ્રથમ સામાવાળાની મુખ્ય દલીલ એવી હતી કે ઈશા માર્બલ્સ, (૧૯૯૫) ૨ એસ.સી.સી. ૬૪૮ ના નિર્ણયમાં પ્રતિપાદિત સિદ્ધાંતના પ્રકાશમાં ૨૭.૧૧.૨૦૦૧ના રોજ સમાવેશ કરાયેલ શરત માન્ય નહોતી, ત્યારે તે પ્રશ્નનો નિર્ણય વડી અદાલતે કર્યો નથી. વડી અદાલતે આ આધાર પર કાર્યવાહી કરી છે કે ઉપક્રમ પર ઉપભોક્તાની બાકી રકમ બાબતે કોઈ ભાર સર્જાયેલો નથી અને પરિણામે, ૨૭.૧૧.૨૦૦૧ના રોજ કોઈ શરતનો સમાવેશ એવો કેસમાં અમલમાં આવી શકતો નથી, જેમાં ઉપક્રમનું વેચાણ અને પ્રથમ સામાવાળા દ્વારા ખરીદી, સુધારાની તારીખ પહેલાં થઈ ગયેલ હતી. સુધારાનો સમાવેશ થયા પછી જ ૧.૧.૨૦૦૨ના રોજ પ્રથમ સામાવાળાએ નવી જોડણી માટે અરજી કરી હતી, તેનો શું પ્રભાવ પડે છે, તે બાબતનું યોગ્ય રીતે વિચારણ કરવામાં આવ્યું ન હતું. સમાવેશ કરાયેલ શરતોનું પણ પરીક્ષણ કરવામાં આવ્યું ન હતું. અદાલતે આ આધાર પર કાર્યવાહી કરી કે સંબંધિત તારીખ પ્રથમ સામાવાળા દ્વારા ઉપક્રમ ખરીદવાની તારીખ હતી. (પરા.૬)"
>
> (મહત્વ દર્શાવાયું)"

૨૫.૧ અહીં, અમને કલમ ૨(જે) ની માન્યતા વિષે નિર્ણય કરવા માટે આમંત્રિત કરવામાં આવ્યા નથી.

૨૫.૨ પ્રથમ દૃષ્ટિએ, ટૉરેન્ટ પાવર લિ.ના કેસમાં (ઉપરોક્ત) નોંધાયેલ ૨૦૦૩ના અધિનિયમની ભિન્નતા દર્શાવતી વિશેષતા ધ્યાનમાં લેતા તથા આ અદાલતે સંજય બલવંતરાય દેસાઈના કેસમાં (ઉપરોક્ત) ૪.૧.૧૧ અંગે નોંધાયેલ અસંગતતા ધ્યાનમાં લેતા, આ મુદ્દા પર કેસ નોંધપાત્ર રીતે સામાવાળાના પક્ષે ઝુકે છે. ઉપરોક્ત ચર્ચાને ધ્યાનમાં લેતા, લેખિત રજૂઆતોમાં અપીલકર્તા દ્વારા કલમ ૨(જે)ના સમર્થનમાં રજૂ કરાયેલ દલીલો સ્વીકારવી શક્ય નથી.

૨૬. અગ્ર પ્રભાવી જોગવાઈના પ્રશ્ન અંગે, પક્ષકારોના વિદ્વાન વકીલો દ્વારા સમાન જોરશોરથી રજૂઆતો કરવામાં આવી હતી. બંને પક્ષોએ દલીલ કરી હતી કે જે અધિનિયમના સંબંધમાં તેઓ પોતાનો મામલો રજૂ કરી રહ્યા છે, તે અન્ય અધિનિયમો પર અગ્ર પ્રભાવ ધરાવે છે. ૨૦૦૩ના અધિનિયમની કલમ ૧૭૩ અને ૧૭૪ આ મુજબ વાંચાય છે;

> "૧૭૩. કાયદાઓમાં અસંગતિ. આ અધિનિયમમાં અથવા તેની હેઠળ બનાવવામાં આવેલા કોઈપણ નિયમ અથવા વિનિયમમાં અથવા આ અધિનિયમ, નિયમ અથવા વિનિયમના બળે પ્રભાવ ધરાવતા કોઈપણ દસ્તાવેજમાં સમાવાયેલ કોઈ બાબતને, જેટલા અંશે તે ઉપભોક્તા સંરક્ષણ અધિનિયમ, ૧૯૮૬ અથવા પરમાણુ ઊર્જા અધિનિયમ, ૧૯૬૨ અથવા રેલવે અધિનિયમ, ૧૯૮૯ ની અન્ય કોઈ જોગવાઈઓ સાથે અસંગત હોય, તેટલા અંશે પ્રભાવ રહેશે નહીં.
>
> ૧૭૪. અધિનિયમને અધિષ્ઠાનકારી અસર થવાની. કલમ ૧૭૩ માં અન્યથા જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય, હાલ અમલમાં રહેલા કોઈ અન્ય કાયદામાં અથવા આ અધિનિયમ સિવાયના કોઈ કાયદાના બળે અસરકારક બનતા કોઈ લેખમાં તેમાં રહેલી કોઈ અસંગત બાબત હોવા છતાં, આ અધિનિયમની જોગવાઈઓ અમલમાં રહેશે."

સિકા ની કલમ ૩૨ આ પ્રમાણે છે;

"૩૨. અન્ય કાયદાઓ પર આ અધિનિયમનો પ્રભાવ.

(૧) આ અધિનિયમની જોગવાઈઓ તથા તેના હેઠળ બનાવવામાં આવેલ કોઈપણ નિયમો અથવા યોજનાઓને, હાલ અમલમાં રહેલા કોઈપણ અન્ય કાયદામાં સમાવિષ્ટ તેની સાથે અસંગત કોઈપણ બાબત હોવા છતાં, અસરકારકતા મળશે; પરંતુ ફોરેન એક્સચેન્જ રેગ્યુલેશન અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૩ નું ૪૬) તથા અર્બન લેન્ડ (સીલિંગ એન્ડ રેગ્યુલેશન) અધિનિયમ, ૧૯૭૬ (૧૯૭૬ નું ૩૩) ની જોગવાઈઓ, અથવા કોઈ ઔદ્યોગિક કંપનીના સંગઠનના સ્મૃતિપત્ર અથવા સંગઠનના નિયમપત્રમાં, અથવા આ અધિનિયમ સિવાયના કોઈપણ કાયદાના બળે અસરકારક બનેલા કોઈ અન્ય દસ્તાવેજમાં સમાવિષ્ટ બાબતોને બાદ રાખીને.

(૨) જ્યાં આ અધિનિયમ હેઠળની કોઈ યોજનાના અનુસંધાને કોઈ બીમાર ઔદ્યોગિક કંપનીનું અન્ય કંપની સાથે એકીકરણ થયું હોય, ત્યાં આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ (૧૯૬૧ નું ૪૩) ની કલમ ૭૨અ હેઠળની જોગવાઈઓ, આ ફેરફારોને આધીન રહીને કે ઉક્ત કલમ હેઠળ કેન્દ્રીય સરકારની સત્તાનો ઉપયોગ, તે કલમમાં ઉલ્લેખિત નિર્દિષ્ટ સત્તાધિકારી દ્વારા કોઈ ભલામણ વિના, બોર્ડ દ્વારા કરવામાં આવી શકે, એવા એકીકરણ સંબંધે તે જ રીતે લાગુ પડશે જેમ કે તેઓ કોઈ ઔદ્યોગિક ઉપક્રમની માલિકી ધરાવતી કંપનીનું અન્ય કંપની સાથેના એકીકરણ સંબંધે લાગુ પડે છે.

૨૭. આ મુદ્દે, પોતાની-પોતાની દલીલોને સમર્થન આપવા માટે, બે પાસાઓ પર ભાર મૂકવામાં આવ્યો હતો : (૧) આ બે અધિનિયમોમાંથી કયું વિશેષ અધિનિયમ ગણાવી શકાય અને (૨) આ બે અધિનિયમોમાંથી કયું સમયની દૃષ્ટિએ પશ્ચાત્ અધિનિયમ ગણાવી શકાય. સંબંધિત પક્ષકારોના વિદ્વાન વકીલોએ રજૂઆત કરી હતી કે સામાન્ય અધિનિયમ ઉપર વિશેષ અધિનિયમ પ્રબળ રહેશે અને તે ઉપરાંત તથા વૈકલ્પિક રીતે, સમયની દૃષ્ટિએ પાછળનું અધિનિયમ પૂર્વવર્તી અધિનિયમ ઉપર પ્રબળ રહેશે. તેથી, ચર્ચાનો મુદ્દો એ હતો

કે કયું અધિનિયમ વિશેષ અધિનિયમ છે અને કયું અધિનિયમ સમયની દૃષ્ટિએ પશ્ચાત્ છે.

૨૮. વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી સુધીર નાણાવટીએ સર્વોચ્ચ અદાલતના ટાટા મોટર્સ લિમિટેડ વિ. ફાર્માસ્યુટિકલ પ્રોડક્ટ્સ ઑફ ઈન્ડિયા લિમિટેડ અને અન્યના કેસમાં આપેલા, (૨૦૦૮) ૭ એસ.સી.સી. ૬૧૯ માં અહેવાલિત નિર્ણય તરફ ધ્યાન દોર્યું છે. તે કેસમાં મુખ્ય પ્રશ્નોમાંનો એક એવો હતો કે, સિકા કંપનીઝ એક્ટ, ૧૯૫૬ ઉપર પ્રબળ રહેશે કે નહીં? તે કેસમાં ઉદ્ભવેલો પ્રશ્ન એવો હતો કે, "... સિક ઈન્ડસ્ટ્રીયલ કંપનીઝ (સ્પેશિયલ પ્રોવિઝન્સ) એક્ટ, ૧૯૮૫ (સિકા) ની જોગવાઈઓના અર્થઘટન / અમલનો પ્રશ્ન કંપનીઝ એક્ટ, ૧૯૫૬ (૧૯૫૬ નો અધિનિયમ) ની સરખામણીએ આ અપીલમાં ઉદ્ભવે છે..." એવો ઠરાવ કરવામાં આવ્યો હતો કે સિકા વિશેષ અધિનિયમ હોવાને કારણે સામાન્ય અધિનિયમ એટલે કે કંપનીઝ એક્ટ, ૧૯૫૬ ની જોગવાઈઓ ઉપર પ્રબળ રહેશે. તે કેસમાં, બીઆઈએફઆરે યોજના ઘડી હતી અને બીઆઈએફઆર દ્વારા ઘડાયેલ યોજનાના વિરુદ્ધની અપીલ બાકી હોવા દરમિયાન, કંપનીઝ એક્ટની કલમો ૩૯૧ અને ૩૯૪ હેઠળ કંપની અદાલતનો આશરો લેવાયો હતો અને કંપની અદાલત દ્વારા આદેશ કરવામાં આવ્યો હતો. સર્વોચ્ચ અદાલતે – અન્ય બાબતો ઉપરાંત – આ પ્રમાણે ઠરાવ્યું હતું;

> "આ રીતે, જે કેસમાં બી.આઈ.એફ.આર.ને સંદર્ભ કરવામાં આવ્યો હોય તેવા કેસમાં કંપની ન્યાયાધીશનું અધિકારક્ષેત્ર સિ્કા ની જોગવાઈઓને આધીન રહેશે. સિ્કા ની કલમ ૨૬ નાગરિક અદાલતના અધિકારક્ષેત્રને અવરોધે છે. જે કોઈ વિષય બાબતે એ.એ.આઈ.એફ.આર. અથવા બી.આઈ.એફ.આર. સશક્ત હોય તે બાબતમાં નાગરિક અદાલતનું અધિકારક્ષેત્ર અવરોધિત છે. વડી અદાલત ભલે નાગરિક અદાલત ન હોય, પરંતુ આ સ્વરૂપના કેસમાં તેનું અધિકારક્ષેત્ર મર્યાદિત છે. બીમાર ઔદ્યોગિક કંપનીના પુનરુત્થાન અને પુનર્વસન માટે કાર્યકારી એજન્સીએ કઈ યોજના તૈયાર કરવી જોઈએ, તે બી.આઈ.એફ.આર.ના કાર્યક્ષેત્રમાં આવે છે. તે ઉપરાંત, કંપનીઓ અધિનિયમની કલમો ૩૯૧ અને ૩૯૪

> ની જોગવાઈઓને સિ્કા ની જોગવાઈઓ સાથે સુસંગત બનાવવી શક્ય નથી."

૨૯. કંપનીઝ અધિનિયમના સંદર્ભમાં જ્યારે આ પ્રશ્ન ઉઠે છે કે એસ.આઈ.સી.એ. વિશેષ અધિનિયમ છે કે નહીં, ત્યારે તેનો ઉત્તર આપવો કદાચ વધુ સહેલો બને છે. વર્તમાન કેસમાં, વીજળી અધિનિયમ વિશેષ અધિનિયમ છે એવી દલીલ રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. અમે આ રજૂઆત સાથે સહમત થઈ શકતા નથી. વીજળી અધિનિયમના સંબંધમાં પણ એસ.આઈ.સી.એ.ને વિશેષ અધિનિયમ કહી શકાય. પાછળનો અધિનિયમ માત્ર કંપનીઓને, વધુ સ્પષ્ટ કહીએ તો બીમાર કંપનીઓને, લગતો છે; જ્યારે પહેલો અધિનિયમ માત્ર તમામ પ્રકારની કંપનીઓને, જેમાં બીમાર કંપનીઓનો પણ સમાવેશ થાય છે, એટલું જ નહીં પરંતુ દરેક પ્રકારના ઉપભોક્તાને પણ લાગુ પડે છે, ભલે તે વાણિજ્યિક હોય કે અવાણિજ્યિક એકમો હોય. હકીકતમાં, આ અધિનિયમ હેઠળ 'ઉપભોક્તા'ની વ્યાખ્યામાં સરકારનો પણ સમાવેશ થાય છે. તેમાં કહેવામાં આવ્યું છે કે "કોઈપણ વ્યક્તિ" જે 'વીજળી પ્રાપ્ત કરે છે' તે 'ઉપભોક્તા'ની વ્યાખ્યાના વ્યાપમાં આવે છે, જ્યારે 'બીમાર કંપની'ની સરળ વ્યાખ્યા, સંક્ષેપમાં જણાવીએ તો, એવી છે કે — એવી કંપની કે જેના કોઈ નિર્ધારિત આર્થિક વર્ષની સંચિત ખોટ તેની સમગ્ર નેટ વર્થથી વધુ થઈ જાય. સંક્ષેપમાં, વીજળી અધિનિયમ હેઠળ ઉપભોક્તાની વિધાનિક વ્યાપ્તિમાં કંપની અથવા નિગમ ક્ષેત્ર સિવાયના વર્ગોનો પણ સમાવેશ થાય છે, જ્યારે એસ.આઈ.સી.એ.નો વ્યાપ બીમાર કંપનીની બહાર વિસ્તરતો નથી — અને નિગમ જગત પોતે જ બીમાર કંપની કરતાં ઘણું ઘણું વિશાળ છે. નોંધવું યોગ્ય છે કે વીજળી પ્રાપ્ત કરનાર તમામ અને દરેક પ્રકારના ઉપભોક્તા સંબંધિત ક્ષેત્રમાં કાર્યરત અને વિષયને આવરી લેતો વીજળી અધિનિયમ એકમાત્ર કાયદો છે. એસ.આઈ.સી.એ.ના સંદર્ભમાં વીજળી અધિનિયમ વિશેષ અધિનિયમ છે એવી રજૂઆત સાથે સહમત થવું શક્ય નથી. આવું કહીને, અમે એટલું ઉમેરવા ઇચ્છીએ છીએ કે સામાન્ય રીતે કહીએ તો, બે અધિનિયમોમાંથી કયો વિશેષ

અધિનિયમ છે તે કસોટી હોય કે બે અધિનિયમોમાંથી કયો સમયની દૃષ્ટિએ પાછળનો છે તે કસોટી હોય, વર્તમાન કેસમાં તે સફળતાપૂર્વક લાગુ કરી શકાય તેવી નથી. બંને કસોટીઓ વધુ યોગ્ય રીતે ત્યારે લાગુ પડી શકે જ્યારે બંને અધિનિયમો સમાન ક્ષેત્ર સાથે સંબંધિત હોય અથવા તેમાં કાર્યરત હોય, અથવા બંને અધિનિયમોના વિષયો સમાન સ્વરૂપના હોય. કારણ કે વર્તમાન કેસમાં આ બેમાંથી કોઈપણ કસોટીની લાગુપાડવાની બાબત શંકાસ્પદ છે, તેથી અમે આ પ્રશ્નને આ નોંધ સાથે ત્યાં જ મૂકીએ છીએ કે જો યોગ્ય અભિપ્રાય એવો હોય કે વિશેષ અધિનિયમ વિરુદ્ધ સામાન્ય અધિનિયમની કસોટી અહીં લાગુ પડે છે, તો આવી કસોટીનો અમલ દર્શાવશે કે એસ.આઈ.સી.એ. વિશેષ અધિનિયમ છે.

૩૦. અન્ય એક વિશિષ્ટ લક્ષણ પણ નોંધવા યોગ્ય છે. તે મહત્વપૂર્ણ છે અને કદાચ નિર્ણાયક પણ છે. સિકા પોતાની જોગવાઈઓને જ નહીં પરંતુ આ વિશેષ અધિનિયમ હેઠળ ઘડાયેલી યોજનાને પણ અગ્રઅસર આપે છે. કલમ ૩૨ પોતે જ યોજનાને અગ્રઅસર આપે છે. તેના વિપરીત, કલમો ૧૭૩ અને ૧૭૪ બોર્ડ દ્વારા ઘડાયેલી શરતોનો ઉલ્લેખ કરતી નથી કે તેમને સમાવેશ કરતી નથી. યાદ રહે કે કલમ ૨(જે) બોર્ડ, અર્થાત્ જી.ઈ.બી. દ્વારા ઘડાયેલ છે – તેને કાયદાનો પ્રભાવ હોઈ શકે, પરંતુ જ્યાં સુધી અગ્રઅસર આપવાનો પ્રશ્ન છે, ત્યાં સુધી બોર્ડ દ્વારા ઘડાયેલી શરતોમાં આવી કોઈ જોગવાઈ નથી તેમજ કલમો ૧૭૩ અને ૧૭૪ પણ તેની જોગવાઈ કરતી નથી. સુનાવણી સમયે, શરતોમાં આવી કોઈ જોગવાઈ તરફ ધ્યાન દોરવામાં આવ્યું ન હતું અને કલમો ૧૭૩ અને ૧૭૪ પણ એવું કહેતી નથી. આથી, સિકાની કલમ ૩૨ દેખીતી રીતે વધુ વ્યાપક છે. સરખામણીની વાત આવે ત્યારે, વિજળી અધિનિયમની કલમો ૧૭૩ અને ૧૭૪ સિકાની કલમ ૩૨ની સરખામણીમાં પહોંચી શકતી નથી કે તેની સાથે સ્પર્ધા કરી શકતી નથી. વધુમાં, યોજનામાં પણ યોજનાને અગ્રઅસર આપતી જોગવાઈ સમાયેલ છે. યોજનાની અગ્રઅસર આપતી જોગવાઈએ અપીલાધીન ચુકાદામાં વિદ્વાન એકલ ન્યાયાધીશને પ્રભાવિત કર્યા છે. અપીલકર્તાના વિદ્વાન વકીલે યોજના સામે

ઉઠાવેલ વાંધા પર વિચાર કરતી વખતે વિદ્વાન એકલ ન્યાયાધીશે ઉક્ત જોગવાઈ પર આધાર રાખવામાં કોઈ ભૂલ કરી નથી.

૩૧. ઉપરોક્ત બાબતોના પ્રકાશમાં, અપીલકર્તા દ્વારા ઉઠાવવામાં આવેલા બંને મુદ્દાઓ નિષ્ફળ જાય છે. અપીલમાં કોઈ જ સાર નથી. વિદ્વાન એકલ ન્યાયાધીશના આદેશમાં કોઈ દખલ કરવાની આવશ્યકતા ઊભી થતી નથી. લેટર્સ પેટન્ટ અપીલ ફગાવી દેવામાં આવે છે. ખર્ચ બાબતે કોઈ આદેશ કર્યા વિના નોટિસ રજા કરવામાં આવે છે.

**(રવિ આર. ત્રિપાઠી, ન્યાયમૂર્તિ)**

**(આર.ડી.કોઠારી, ન્યાયમૂર્તિ)**

(વિપુલ)

Translation of this judgment is provided by M/s Hyperlink E–Solutions Pvt. Ltd.

==========================================================

**<u>અસ્વીકરણ</u>:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER</u>:** The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.